***Name of Work: Empanelment for Annual Rates of the emergency work for Bridge / Structure and misc. works under Panchayt (R & B) Division,*** Palanpur

## -:: શરતો :: -

(૧) ભાવપત્રક સાથે ટેન્ડર ફી રૂ.૨૪૦૦/- તેમજ બાનાની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) ની એફ. ડી. આર. "કાર્યપાલક ઇજનેર, પંચાયત (મા.મ.) વિભાગ,પાલનપુર"ના નામની સામેલ રાખવાની રહેશે. બાનાની રકમ વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં નહી આવે.

(૨) આ કામની અનુસુચિમાં જણાવવામાં આવેલ બાબતોની કામગીરી જરૂરિયાતને આધિન કરવામાં આવશે, આ બાબતે કોઇ વિવાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં. કોઇપણ કારણો આપ્યા સિવાય એક અથવા બધા જ ભાવપત્રકો મંજુર / નામંજુર કરવાની સત્તા કાર્યપાલક ઇજનેરશ્રીને અબાધિત છે.

(૩) ઈજારદારશ્રી સ્પે. કેટગરી બ્રીજ- કેટે- III, "બી" વર્ગ અથવા તેની ઉપરના વર્ગમા નોંધણી ધરાવતા હોવા જોઈએ, તેમજ સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતાં હોવા જોઈએ.

(૪) આવેલ ભાવો ટેન્ડર ભરવાની છેલ્લી તારીખથી ૧૨૦ દિવસ સુધી માન્ય ગણવામાંઆવશે. ભાવો ભરનાર આ દિવસો પહેલા ઓફર પરત ખેંચી શકાશે નહીં.

(૫) સરકારશ્રીના વખતોવખતના નિયમો ભાવ ભરનાર ઇજારદારશ્રીને બંધનકર્તા રહેશે. તેમજ ઇજારદાર દ્વારા ભરવામાં આવેલ ભાવો તમામ પ્રકારના ટેક્ષ, લોકલ બોડી ટેક્ષ (જી.એસ.ટી. સિવાય) અને રોયલ્ટી સાથેના જ રહેશે. અલગથી નિયમો અનુસાર G.S.T. ચૂકવવામાં આવશે. જે અંગે સક્ષમ કક્ષાએથી વર્ક ઓર્ડર આપવામાં આવે ત્યારે વર્કઓર્ડરમાં સક્ષમ સત્તાઅધિકારી દ્વારા દર્શાવવાનું રહેશે.

(૬) મંજુર કરવામાં આવેલ ભાવ બાબતેકામની જરૂરીયાતના જથ્થા મુજબ ઇજારદારશ્રીએ સક્ષમ અધિકારીશ્રી સાથે જરૂરી એસબીડી ટેન્ડર ફોર્મમાં કરારખત કરવાનું રહેશે. તેમજ સદર કરારખતનાં નિયમો તથા શરતો ઇજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૭) કામની અગત્યતાને ધ્યાને લઈને ઇજારદારે તાત્કાલિક અથવા ૪૮ કલાક પહેલા કામગીરી શરૂ કરવાની રહેશે.

(૮) કામગીરી અંગે ઇજારદારશ્રીને ટેલિફોનિક / વોટ્સએપ / ઈ-મેલ / પત્ર થી જાણ કરવામાં આવશે. જો તેનો પ્રતિઉત્તર શરત-૭ મુજબ ૪૮ કલાક સુધીમાં આપવામાં નહીં આવે તો ઇજારદાર કામગીરી કરવા માંગતા નથી તેમ માની અન્ય ઇજારદાર પાસેથી કામગીરી કરાવવામાં આવશે જે ઇજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૯) કામના જથ્થા, ગુણવત્તા અનેજરૂરીયાત અંગે કોઇપણ તકરાર કે ગુંચવણ ઉભી થયે કાર્યપાલક ઇજનેરશ્રી, , પંચાયત (મા.મ.) વિભાગ,પાલનપુર ના નિર્ણય આખરી રહેશે અને ઇજારદારને તે બંધનકર્તા રહેશે. નિયત સમયમર્યાદામાં પૂરા ન કરેલ કામ બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સક્ષમ અધિકારી દંડની જે રકમ નક્કી કરે તે ઇજારદારના બિલમાંથી કપાત કરવાની રહેશે.

(૧૧) આઇટમોની કામગીરી અદ્યતન નિર્ધારીત કરેલ સ્ટાન્ડર્ડ સ્પેશીફીકેશન / સબંધીત ક્ષેત્રિય અધિકારીશ્રીની સુચના મુજબ જ કરવાની રહેશે.

(૧૨) વાર્ષિક ભાવમાં ભાગ લેનાર એજન્સીઓ દ્વારા જે ભાવ રજુ કરવામાં આવશે તે અસાધારણ ઉંચાં અસ્વીકાર્ય રહેશે. વધુમાં વર્કેબલ ભાવજ માન્ય ગણવામાં આવશે, તે સિવાયના ભાવો સૌથી ઓછા હોય તો પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. બધી જ એજન્સીઓ દ્વારા ભરવામાં આવેલ ભાવોની યોગ્ય ચકાસણી કરતાં જે વર્કેબલ અને જે તે તાલુકાની ભૌગોલિક અને સ્થાનિય પરિસ્થિતિઓને દયાને રાખી જે ભાવ વિભાગને વ્યાજબી લાગે તે મંજુર કરવામાં આવશે.
મળેલ બધા ભાવની સરખામણી કરતાં વિભાગ દ્વારા જે વર્કેબલ, યોગ્ય અને સાધારણ ભાવ ગણાશે તે મંજુર કરવામાં આવશે. પરંતુ જે એજન્સીઓ દ્વારા ભરવામાં આવેલ ભાવ ગ્રાહ્ય રાખવામાં આવશે તે ભાવે ટેન્ડરમાં ભાગ લેનાર એજન્સીઓને કામ કરવા માટે બંધનકર્તા રહેશે તથા પેટા વિભાગીય અધિકારી / વિભાગીય અધિકારી દ્વારા જે તે વખતની પરિસ્થિતિઓને દયાને રાખી ટેન્ડરમાં ભાગ લેનાર કોઈપણ એજન્સી અથવા તો કોઈ અન્ય એજન્સીને પણ એનાયત કરી શકાશે.

(૧૩) સદરહું વાર્ષિક ભાવ માર્કેટમાં માલસામાનનો તથા કામ પર વાપરવાની મશીનરી અને લેબરના રેટ અંગેનો ફ્લક્ચ્યુંએસન (ઉતાર-ચઢાવ) જાણવા માટે તથા યોગ્ય ભાવે તાત્કાલિક ધોરણે કામ કરાવવા મંગાવવામાં આવેલ છે. પરંતુ કામ કરતી વખતે ખરેખર માલસામાન કે મજુરી કામના રેટ ખરેખર વધી જાય તો તે અંગેનું કોઈપણ જાતનું પ્રાઇસ એસ્કેલેસન ચૂકવવાનું રહેશે નહિ તે બાબતને ધ્યાને રાખી કામ કરવા ઈચ્છતા છૂટક કામદારોએ જ દરેક આઈટમના ભાવ ભરવાના રેહશે.

(૧૪) જે કોઈપણ એજન્સીને કોઈપણ તાલુકાના કોઈપણ સ્તરનું કામ એનાયત કરવામાં આવે અને ઈજારદારશ્રી દ્વારા નિર્ધારિત કરેલ સમયમર્યાદામાં હાથ ધરવામાં નહિ આવે તો તાત્કાલિક અસરથી તેઓશ્રીની બાનાની રકમ તથા જામીન અનામતની રકમ જપ્ત કરી સરકારી ખાતે જમા લઇ તેઓશ્રીનું રજીસ્ટ્રેશન તથા બીજા વિભાગોમાંથી / સંસ્થાઓમાંથી મેળવેલ સબંધિત ધંધા અંગેના લાયસન્સ રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૫) ઈમરજન્સી કામો જેમકે રોડ તૂટવાને કારણે યાતાયાત અવરોધ થવાના કિસ્સામા, વાવાઝોડા કે કુદરતી આફતો, નાળા-પુલિયા, મકાનો તૂટવાના કિસ્સામા કોઈપણ સમયે પેટા વિભાગીય / વિભાગીય અધિકારી દ્વારા ફોન/વોટ્સેપ/ઈ-મેલ દ્વારા કામ કરવા અંગેની તાકીદ કરવામાં આવે ત્યારે યુધ્ધના ધોરણે તાત્કાલિક લઘુત્તમ સમયમાં કામગીરી હાથ ધરી પૂર્ણ કરવાની રહેશે.

(૧૬) આ પ્રકારની કામગીરીમાં કયા સંજોગોમાં, કેટલી સમયમર્યાદા માટે અને કેટલું કામ આપવાનું રહેશે તે પુર્વ નિશ્ચિત ન હોય ટેન્ડરમાં ઈજારદાર લોસ ઓફ પ્રોફિટ કલેઈમ કરી શકશે નહીં.

(૧૭) મંજુર થયેલ ભાવોથી કામ કરવા માટે કોઇ ઇજારદારશ્રી દ્વારા નકારાત્મક વલણ અપનાવશે અથવા કામમાં નિષ્ફળ જશે તો તે ઈજારદારશ્રીની બાનાની રકમ સરકારશ્રીમાં જપ્ત કરવામાં આવશે. તેમજ સરકારશ્રીની વખતોવખતની જોગવાઇઓ પરિપત્રો મુજબ તેઓની સામે કાર્યવાહી કરવામાં આવશે

(૧૮) ભાવો મંજુર થયેથી અમર્યાદીત કામોની મંજુરી નથી મળતી. જે કામગીરી હાથ ધરવાની થતી

હોય, તેવી આઈટમોનું અંદાજપત્ર મંજુર કરાવી, કાર્યપાલક ઇજનેરશ્રીની બહાલી મેળવવી અને મળેલ બહાલીના અંદાજપત્રક મુજબની જ કામગીરી કરવાની રહેશે. કામગીરીની અગત્યતા મુજબ જથ્થામાં થતો વધારા/ઘટાડા માટે ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

(૧૯) મંજુર ભાવવાળી આઇટમો ઘણી બધી હોઇ મંજુર કર્યા બાદ કોઇ આઇટમમાં કે રેઇટ એનાલીસીસમાં શરત ચુક થયેલ ધ્યાને આવશે તો આવા ભાવો રદ્દ કરવામાં આવશે જે તમામ ઇજારદારશ્રીઓને બંધનકર્તા રહેશે.

(૨૦) સદરહુ મંજુર થયેલ ભાવો ૧૨ માસ માટે અમલી રહેશે. પ્રવર્તમાન નિયમોને આધિન કાર્યપાલક ઇજનેરશ્રીની વિવેકાધીન શક્તિ અનુસાર ભાવોની અવધી ઘટાડવા / વધારવા કે રદ કરવાની સત્તા કાર્યપાલક ઇજનેરશ્રીની અબાધિત રહેશે.

(૨૧) સરકારશ્રીના પ્રવર્તમાન તેમજ આકરારની મુદત સુધીમાં જો કોઇ નવા નિયમો આવશે તે બધા નિયમો ભાવ ભરનારને બંધનકર્તારહેશે.

(૨૨) ગમેતે કારણોસર નિયત સમય બાદ કે, બાનાની રકમ સિવાયના અને શરતી ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહિ.

(૨૩) કોઈપણ કામગીરી દરમ્યાન ડીસમેન્ટલ મટેરિયલ નીકળે તો તે લઇ જવાની જવાબદારી જે તે ઇજારદારની રહેશે તથા ડીસમેન્ટલ મટેરિયલની અનુસૂચી પ્રમાણે ઈજારદારના બિલમાંથી રકમ વસુલ કરવામાં આવશે. તે બાબતે કાર્યપાલક ઇજનેરશ્રીનો નિર્ણય અંતિમ અને આખરી રહેશે.

(૨૪) વાહન કે મશીનરી રોકવામાં આવે તો તેની લોગબુક, વાહન રજીસ્ટ્રેશન, ઇન્સ્યુરન્સના દસ્તાવેજ તેમજ ડ્રાઈવરનું ડ્રાયવીંગ લાયસન્સ ચુકવણા માટે રજુ કરેલ બીલ સાથે અચૂક રજુ કરવાનું રહેશે.

(૨૫) સદર ભાવપત્રક મુજબ કરારખત ફક્ત અનિવાર્ય તથા આકસ્મિક સંજોગોમાં કરવામાં આવશે અથવા નીચે સહી કરનાર અધિકારીની સુચના અનુસાર કરવામાં આવશે.

(૨૬) સદર કામના ટેન્ડરની ઓનલાઇન ટેન્ડરીંગ પ્રક્રિયામાં ભાગ લીધેલ હોય તેમાંથી કોઇપણ એજન્સી પાસેથી મંજુર થયેલ સૌથી નીચા ભાવો મુજબ કામગીરી કરાવી શકાશે અને અનિવાર્ય સંજોગોમાં ટેન્ડર પ્રક્રિયામાં ભાગ ન લીધો હોય તેવી એજન્સી પાસેથી પણ મંજુર થયેલ સૌથી નીચા ભાવો મુજબ કામ કરાવી શકાશે, જે બાબતે કોઇપણ જાતની દલીલ, તકરાર ચાલશે નહિં. કામગીરીની સોંપણી બાબતનો તમામ અબાધિત અધિકાર સક્ષમ અધિકારીશ્રીનો રહેશે.

(૨૭) પંચાયત (મા.મ.) વિભાગ,પાલનપુર હેઠળની દરેક પેટા વિભાગીય કચેરીના મંજુર થયેલ ભાવે કામગીરી કરાવવાની સત્તા અધિકાર સક્ષમ અધિકારીશ્રીની અબાધિત રહેશે.

આ કામની અનૂસુચિમાં જણાવેલ તમામ બાબતો મેં / અમે વાંચી છે. સમજી અને તે મુજબ ભાવો ભરેલ છે.